Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

Continuous issue-16 | August – September 2016

ગુજરાતમાં સામાજિક સલામતીની યોજના : પ્રશ્નો અને પડકારો

(Social Security Scheme in Gujarat: Problem and Prospects)

Abstract

ગુજરાત ઔદ્યોગિકરણની બાબતમાં અન્ય રાજ્યોની સરખામણીમાં ખૂબ જ આગળ વધી રહ્યું છે. પરંતુ ઔદ્યોગિકરણની સાથે સમાજના વૃદ્ધો, વિકલાંગ વ્યક્તિઓ, વિધવાઓને સામાજિક સલામતી પૂરી પાડવામાં આવે જે સંપોષિત વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. ગુજરાતમાં સમાજ સુરક્ષા ખાતું મુખ્યતઃ સમાજના નબળા વર્ગો જેવા કે અનાથ, નિરાધાર, ગુનાહવૃત્તિ તરફ વળેલા બાળકો તેમજ યુવાન ગુનેહગારો તથા સંજોગોની ભોગ બનેલી મહિલાઓ તથા બાળકો, શારીરિક માનસિક ક્ષતિવાળા બાળકો, વૃદ્ધો, અને નિરાધાર વિધવા મહિલાઓના કલ્યાણ તેમજ પુનઃ વસવાટના કાર્ય દ્વારા તેઓને સામાજિક અધિકારિતાની પ્રાપ્તિ કરાવે છે. ભારતના બંધારણમાં બધા રાજ્યોને તેમના નાગરિકો માટે સામાજિક સલામતી આપવાની જોગવાઈ કરવામાં આવી છે. પ્રસ્તુત અભ્યાસ માટે ગુજરાતની વિવિધ સામાજિક સલામતી યોજનાનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસ મહદઅંશે ગૌણ માહિતીના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં રાજ્ય સરકાર તરફથી સમાજ સુરક્ષા ખાતા મારફતે જુદા-જુદા સામાજિક અધિનિયમો, સમાજ સુરક્ષા વિભાગ દ્વારા આર્થિક ઉત્કર્ષ સાથે સંકળાયેલી યોજનાઓ, યોજના અંતર્ગત મળેલી ગ્રાન્ટ, કુલ ખર્ચ અને કુલ અને કુલ લાભાર્થીઓની સંખ્યાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં ટકાવારી, મધ્યવર્તી સ્થિતિના માપો, સહસંબંધ જેવી આંકડાશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા અભ્યાસના હેતુઓની ચકાસણી કરવામાં આવી છે. પ્રસ્તુત સંશોધન પેપરને મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેચવામાં આવ્યું છે. પ્રથમ ભાગમાં સંશોધન પદ્ધતિ, બીજા ભાગમાં પ્રાપ્ત આકડાકીય માહિતીનું વિશ્લેષણ અને ત્રીજા ભાગમાં મહત્વના તારણોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

Key Words: સામાજિક સલામતીની યોજના, ગુજરાત,

૧. પ્રસ્તાવના

ભારત દેશ ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે આઝાદ થયો અને ભારતના બંધારણમાં ભારતને લોકશાહી દેશ તરીકે સ્થાન મળ્યું છે. ભારત જેવા લોકશાહી દેશે આર્થિક અને સામાજિક ઉદ્દેશોને સાકાર કરવા માટે ૧ એપ્રિલ ૧૯૫૧ થી આર્થિક આયોજનની શરૂઆત કરી. આર્થિક આયોજનના મૂળભૂત ઉદ્દેશ તરીકે આર્થિક વિકાસ, અર્થતંત્રનું આધુનિકીકરણ, આર્થિક સ્વનિર્ભરતા, સામાજિક ન્યાય, સલામતી, આર્થિક અને સામાજિક સમાનતાને મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. અત્યાર સુધી અગિયાર પંચવર્ષીય

યોજના પૂર્ણ થયેલી છે. સામાન્ય રીતે બધી યોજનાઓનો હેતુ અર્થતંત્રનો સામાજિક અને આર્થિક વિકાસ સાધવાનો રહ્યો છે.

અર્થતંત્રનો સંપૂર્ણ રીતે વિકાસ ત્યારે જ શક્ય થઈ શકે છે કે જ્યારે દેશના લોકોને સામજિક સલામતી આપવામાં આવે. ભારતમાં પ્રાચીનકાળથી સંયુક્ત કુટુંબપ્રથા અસ્તિત્વમાં રહી છે. પરંતુ આજના સમયમાં આધુનિકીકરણ, શહેરીકરણ, સ્થળાંતર વગેરેને કારણે સંયુક્ત કુટુંબમા ઘટાડો થયો છે, જેના કારણે સામાજિક સલામતીના પ્રશ્નો વધ્યા છે. દેશમાં આર્થિક સામાજિક વિકાસ માટે ચાલતી યોજનાઓથી કેટલાંક લોકોને તેનો લાભ મળ્યો છે તો બીજી બાજુએ કેટલાંક લોકો એવા પણ છે કે જેઓ આ લાભથી વંચિત રહ્યા છે. ભારતમાં વંચિતોના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. વિવિધ વર્ગોમાંનો એક વર્ગ જે વૃદ્ધો, વિકલાંગો, વિધવા મહિલાઓનો જોવા મળે છે. આવા નિરાધાર વર્ગને યોગ્ય સહાય અથવા તેમના માટે જરૂરી યોજનાઓનું આયોજન કરી તેમને સામાજિક સલામતી આપવી એ ખૂબ જ જરૂરી છે. એવી વ્યક્તિઓ પણ સમાજમાં પોતાનું અસ્તિત્વ ટકાવી શકે તે માટેની જવાબદારી સરકારની હોય છે અને સરકાર પણ એવા લોકોનો ઉત્કર્ષ થાય તે માટે ઘણી બધી યોજનાઓ બહાર પાડે છે. જેમાં સામાજિક સલામતીની યોજનાનો પણ સમાવેશ થાય છે.

મોરીસ સ્ટેકના મતે - "સામાજિક સલામતી એટલે આધુનિક જીવનની આકસ્મિકતા જેવી કે બીમારી, બેરોજગારી, વૃદ્ધાવસ્થા, ઔદ્યોગિક અકસ્માત, અસમર્થતા વગેરે સામે સમાજ દ્વારા આયોજિત રક્ષણાત્મક કાર્યક્રમો. આવી આકસ્મિકતાથી બચવા વ્યક્તિ પોતે કે કુટુંબ રક્ષણ કરવાની ક્ષમતા ધરાવતાં નથી."

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના મતે- "સમાજના સભ્યોની સામે ઊભાં થતાં કેટલાંક જોખમોની સામે, યોગ્ય વ્યવસ્થાતંત્ર ઊભું કરીને સમાજ જે સલામતી પૂરી પાડે છે. તેને સામાજિક સલામતી કહેવાય છે. આ જોખમો મૂળભૂત રીતે એવી આકસ્મિક ઘટનાઓ છે જેની સામે ટાંચા સાધનોવાળી વ્યક્તિ પોતે કે તેનાં સગા-સાથીઓ મળીને પોતાની આવડત કે દૂરદર્શીતાથી રક્ષણ મેળવી શકતાં નથી."

૨. ભારતમાં સામાજિક સલામતી

ભારત એક કલ્યાણ રાજ્ય તરીકે જુદી જુદી સામાજિક સલામતીની યોજનાઓ નાગરિકો માટે વિસ્તૃત કરવાની જવાબદારી સ્વીકારી છે. જો કે ભારતના બંધારણમાં સામાજિક સલામતીને મૂળભૂત હક્ક તરીકે માન્યતા કે ઓળખ મળી નથી. તેમ છતાં ભારતના બંધારણમાં બધા રાજ્યોને તેમના નાગરિકો માટે સામાજિક સલામતી આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જે મુજબ ભારતના બંધારણની કલમ ૪૧ પ્રામણે રાજ્યને બેકારી, વૃદ્ધાવસ્થા, બીમારી, વિકલાંગતા અને અન્ય બિનલાયકાતપાત્ર જરૂરિયાતના કિસ્સાઓમાં પોતાની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં નાગરિકોને જાહેર સહાય ઉપલબ્ધ કરવા માટે દિશાસૂચન કરે છે. બંધારણની કલમ ૪૨ પ્રમાણે રાજ્યને

ન્યાયી અને પરોપરકારી કામ કરવા માટે અને માતૃત્વની બાબતમાં રાહત આપવા માટે જોગવાઈ કરવામાં આવી છે. બંધારણની કલમ ૪૭ પ્રમાણે રાજ્યને નાગરિકોના પોષણનું અને જીવનધોરણનું સ્તર વધારવું જોઈએ અને જાહેર સ્વાસ્થ્યની સુવિધામાં સુધારો કરવાની મુખ્ય ફરજ છે.

ભારતમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તીની ૯૨ ટકા વસ્તી આજે પણ અસંગઠિત ક્ષેત્રમાં રોકાયેલી છે. અસંગઠિત ક્ષેત્રના લોકોમાં અજ્ઞાનતા, નિરક્ષરતા, નબળી સોદાશક્તિ, સંગઠનનો અભાવ વગેરેને લીધે તેઓ પોતાના અધિકારો અંગે જાગૃત હોતા નથી. જેથી તેઓ સામાજિક સલામતીના લાભો પણ મેળવી શકતા નથી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ફરજ છે કે તેઓ અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે વ્યવસ્થિત તંત્ર ઊભું કરે. વિકાસ યોજનાની શરૂઆતમાં એવું માનવામાં આવતું હતું કે વિકાસની પ્રવૃત્તિથી વધુમાં વધુ કામદારો સંગઠિત ક્ષેત્રમાં જોડાશે અને સામાજિક સલામતીની વ્યવસ્થાના લાભો મેળવશે. પરંતુ અનુભવને આધારે એવું સ્પષ્ટ થયું કે અર્થતંત્ર મુક્ત થવાથી આર્થિક સુધારાના પરિણામે સમસ્યાઓ વધારે ગંભીર બની છે. જેનાથી આજે સંગઠિત ક્ષેત્રમાં રોજગારીમાં મંદી જોવા મળે છે અને અસંગઠિત ક્ષેત્રમાં કામદારોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે જો યોગ્ય રીતે સામાજિક સલામતીની યોજનાઓ અમલમાં મૂકવામાં આવે તો તેનાથી શ્રમિકોની ઉત્પાદકતામાં વધારો થશે અને તેના લીધે સામાજિક, આર્થિક વિકાસ શક્ય બનશે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને ભારત સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્ર માટે સામાજિક સલામતીની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. અસંગઠિત ક્ષેત્ર માટે સામાજિક સલામતીની યોજનાઓને નીચે મુજબના મુખ્ય પાંચ વિભાગોમાં વહેંચવામાં આવે છે.

૧. કેન્દ્ર દ્વારા સંચાલિત સામાજિક સહાય કાર્યક્રમ
૨. સામાજિક વીમાની યોજના
૩. કેન્દ્ર અને રાજ્ય સરકારના કલ્યાણ ફંડ દ્વારા સામાજિક સહાય
૪. જાહેર પહેલ
૫. અન્ય કાર્યક્રમ

૩. સંશોધન સમસ્યાની પસંદગી

ગુજરાત રાજ્યની ૧ લી મે ૧૯૬૦ના રોજ અલગ રાજ્ય તરીકે સ્થાપના કરવામાં આવી. ત્યારથી આજ સુધી ગુજરાત રાજ્યના વિકાસ માટે રાજ્ય સરકાર તરફથી અનેક પ્રકારના પ્રયત્નો કરવામાં આવ્યા છે. ઔદ્યોગિકરણની બાબતમાં ગુજરાત અન્ય રાજ્યો કરતાં ખૂબ જ આગળ છે. પરંતુ વધતા જતા ઔદ્યોગિકરણ, શહેરીકરણના યુગમાં સમાજના દરેક વર્ગમાં તેની હકારાત્મક અસરો થઈ છે તેવું જોવા મળતું નથી. સમાજનો અભિન્ન એવો બીજો વર્ગ કે જેમાં વિકલાંગો, નિરાધાર વૃદ્ધો, વિધવા લાભાર્થીઓ વગેરેનો સમાવેશ થાય છે. એવી વ્યક્તિઓને સામાજિક, આર્થિક રીતે સહાય મળે તે માટેની યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતમાં ચાલતી વિવિધ સામાજિક સુરક્ષાની યોજનાઓનો અભ્યાસ કરી તેના પ્રશ્નો અને પડકારો જાણવાના હેતુથી પ્રસ્તુત અભ્યાસની પસંદગી કરવામાં આવી છે.

૪. અભ્યાસના હેતુઓ

ગુજરાતમાં સામાજિક સલામતીની યોજનાનો વિકાસ, તેની તરાહ તેમજ સામાજિક સલામતીના લાભાર્થીઓ, તેમણે ફાળવવામાં આવેલી ગ્રાંટનો અભ્યાસ કરવો, ઉપરાંત ગુજરાતમાં સામાજિક સલામતી અંગે રહેલા પ્રશ્નોની ચકાસણી કરવી સામાજિક સલામતી સમક્ષ કેવા પડકારો રહેલા છે તેનો અભ્યાસ કરવાનો મુખ્ય ઉદ્દેશ પ્રસ્તુત સંશોધન પેપરનો રહેલો છે.

૫. સંશોધન પદ્ધતિ અને માહિતીના સ્રોતો

પ્રસ્તુત સંશોધન માટે ગૌણ માહિતીના સ્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સામાજિક સલામતી અંગે ગૌણ માહિતી મેળવવા માટે વિવિધ પ્રકાશિત અહેવાલો, વેબસાઈટ, પુસ્તકો, સામાયિકો, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, જિલ્લા કલેક્ટરની ઓફિસ વગેરે જેવા સ્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતીને Excel અને SPSS જેવા સોફ્ટવેરનો ઉપયોગ કરી માહિતીનું કોષ્ટકીકરણ, જરૂરી આલેખો, આવૃત્તિ વિતરણ તેમજ વિવિધ આંકડાશાસ્ત્રીય પરીક્ષણો કરવામાં આવ્યો છે.

૬. ગુજરાતમાં સામાજિક સલામતી

આજે ગુજરાત ઔદ્યોગિકરણની બાબતમાં અન્ય રાજ્યોની સરખામણીમાં ખૂબ જ આગળ વધી રહ્યું છે. પરંતુ ઔદ્યોગિકરણની સાથે સમાજના વૃદ્ધો, વિકલાંગ વ્યક્તિઓ, વિધવાઓને સામાજિક સલામતી પૂરી પાડવામાં આવે જે સંપોષિત વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. ગુજરાતમાં સમાજ સુરક્ષા ખાતું મુખ્યતઃ સમાજના નબળા વર્ગો જેવા કે અનાથ, નિરાધાર, ગુનાહવૃત્તિ તરફ વળેલા બાળકો તેમજ યુવાન ગુનેહગારો તથા સંજોગોની ભોગ બનેલી મહિલાઓ તથા બાળકો, શારીરિક માનસિક ક્ષતિવાળા બાળકો, વૃદ્ધો, અને નિરાધાર વિધવા મહિલાઓના કલ્યાણ તેમજ પુનઃ વસવાટના કાર્ય દ્વારા તેઓને સામાજિક અધિકારિતાની પ્રાપ્તિ કરાવે છે. સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓમાં વ્યક્તિઓને આશ્રય આપવામાં આવે છે. જેમાં તેઓને ખોરાક કાપડ, વૈદકિય સારવાર, શૈક્ષણિક ઔદ્યોગિક તાલીમ અને પુનઃવસવાટ અંગેની સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. ૧લી મે ૧૯૬૦ ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના સાથે સમાજના નબળા વર્ગો માટેની કામગીરી વધુ અસરકારક થઈ શકે તે માટે ૮ જાન્યુઆરી ૧૯૬૫ ના રોજથી સમાજ સુરક્ષા ખાતાની અલગ રચના કરવામાં આવી છે.

સમાજ સુરક્ષાના આ ઉદ્દેશો પાર પાડવા માટે રાજ્ય સરકાર તરફથી સમાજ સુરક્ષા ખાતા મારફતે જુદા-જુદા સામાજિક અધિનિયમોનો અમલ કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.

૧. જુવેનાઇલ જસ્ટિસ એક્ટ,૧૯૮૬

૨. પ્રોબેશનલ ઓફ ઓફેન્ડર્સ એક્ટ,૧૯૫૮

૩. ભિક્ષા પ્રતિબંધક ધારો,૧૯૫૯

૪. અનૈતિક વેપાર પ્રતિબંધક ધારો,૧૯૮૬

૫. ધી ઓર્ફેનેજીસ એન્ડ અધર ચેરીટેબલ હોમ્સ,૧૯૬૦

૬. બાળલગ્ન પ્રતિબંધક ધારો,૧૯૭૪

૭. સમાજ સુરક્ષા વિભાગ દ્વારા આર્થિક ઉત્કર્ષ સાથે સંકળાયેલી નીચે મુજબની યોજનાઓ અમલમાં મૂલવવામાં આવી છે.

- **વૃદ્ધો માટે સામાજિક સલામતીની યોજના**

૧. નિરાધાર વૃદ્ધોને આર્થિક સહાય યોજના

નિરાધાર વૃદ્ધોને આર્થિક સહાય આપવાની યોજના રાજયમાં ૧ એપ્રિલ ૧૯૭૮ થી અમલમાં છે. રાજ્ય સરકારની યોજના હેઠળ સ્ત્રી કે પુરૂષ ૬૦ વર્ષ કે તે કરતાં વધુ ઉંમરના નિરાધાર વ્યક્તિઓને લાભ મળે છે. તેમણે ૨૧ વર્ષ કે તેથી વધારે ઉંમરનો પુત્ર ન હોવો જોઈએ. ૨૧ વર્ષ કે તેથી વધારે ઉંમરનો પુત્ર હોય પણ તે માનસિક અસ્થિર હોય કે કેન્સર, ટીબી જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય તેવા વૃદ્ધો પણ અરજી કરી શકે છે. અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ.૬૮,૦૦૦ થી વધુ ન હોવી જોઈએ. ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાતમાં કાયમી વસવાટ હોય તો લાભ મળે છે. યોજના હેઠળ રૂ.૪૦૦ની સહાય નિરાધાર વૃદ્ધોને દર મહિને આપવામાં આવે છે. પોસ્ટ દ્વારા મનીઓર્ડર અથવા બેન્ક એકાઉન્ટના વિકલ્પ આપવામાં આવે છે.

આ સહાય માટેના અરજીપત્રક જિલ્લા કલેક્ટરની કચેરીથી મળે છે. અરજદારની અરજી કચેરીએ મળે ત્યારે તેની ચકાસણી માટે જે તે તાલુકા મામલદારને મોકલી આપવામાં આવે છે. ત્યાંથી મંજૂર/નામંજૂર કરવાની સત્તા પ્રાંત અધિકારીને સોંપવામાં આવેલી છે.

રાજ્ય સરકારની વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત ૧૯૭૨ થી માર્ચ ૨૦૧૫ સુધીમાં મળેલી ગ્રાન્ટ, કુલ ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

કોષ્ટક-૧. ગુજરાતમાં વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત મળેલી ગ્રાન્ટ, કુલ ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા

જ્ઞાતિ	માર્ચ ૨૦૧૫ સુધીમાં મળેલી ગ્રાન્ટ (લાખમાં)	કુલ ખર્ચ (લાખમાં)	કુલ લાભાર્થીઓની સંખ્યા
અન્ય	૩૨૭૬.૧૮	૨૩૪૦.૩૦	૬૩૪૧૪
એસ.સી.	૨૭૫.૪૮	૧૮૧.૮૦	૭૬૮૫
એસ.ટી.	૮૩૫.૧૦	૪૬૩.૫૦	૧૭૦૭૮
કુલ	૪૩૮૯.૭૬	૨૯૮૫.૬૦	૮૮૧૬૭
સ્રોત : સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર, માર્ચ (૨૦૧૫)			

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે રાજ્ય સરકારની વૃદ્ધ પેન્શન યોજના હેઠળ વર્ષ ૧૯૭૨થી માર્ચ ૨૦૧૫ સુધીમાં કુલ લાભાર્થીઓની સંખ્યા ૮૮,૧૭૬ જેટલી છે. યોજના માટે મળેલી ગ્રાન્ટ રૂ.૪૩૮૯.૭૬ લાખની છે અને માર્ચ ૨૦૧૫ સુધી યોજના પાછળ કુલ ખર્ચ રૂ.૨૯૮૫.૬૦ લાખનો થયો છે.

ગુજરાત રાજ્યમાં નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા (વર્ષ ૧૯૭૨ થી ૨૦૧૫ સુધી)

કોષ્ટક-૨.ગુજરાત રાજ્યમાં જિલ્લા પ્રમાણે નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા

જિલ્લાનું નામ	કુલ ગ્રાન્ટ (લાખમાં)	કુલ ખર્ચ (લાખમાં)	કુલ લાભાર્થીઓની સંખ્યા
અમદાવાદ	૩૯૮.૫૧	૨૪૬.૮૩	૫૬૩૮
અમરેલી	૧૦૯.૧૯	૬૪.૦૭	૨૩૩૪
બનાસકાંઠા	૧૬૨.૫૬	૧૦૮.૬૨	૨૨૭૮
ભરૂચ	૬૬.૬૭	૬૩.૩૫	૧૫૭૦
ભાવનગર	૧૧૨.૮૩	૮૨.૩૩	૧૭૭૨
ડાંગ	૩૦.૦૦	૮.૭૬	૧૩૯
ગાંધીનગર	૮૯.૭૫	૮૮.૩૮	૨૧૬૮
જામનગર	૧૨૪.૬૦	૮૧.૦૧	૧૮૨૦
જૂનાગઢ	૬૯.૪૦	૬૫.૪૧	૧૬૬૫
ખેડા	૧૭૮.૩૦	૧૧૦.૬૦	૪૨૦૧
કચ્છ	૧૦૯.૫૦	૧૦૫.૪૦	૨૬૨૦
મહેસાણા	૧૨૫.૪૦	૮૨.૩૯	૩૪૧૯
પંચમહાલ	૧૨૭.૮૦	૮૬.૨૬	૨૮૪૮
રાજકોટ	૧૫૭.૬૦	૧૩૬.૩૨	૩૭૨૯
સાબરકાંઠા	૧૪૬.૧૮	૧૧૧.૭૬	૩૭૮૨
સુરત	૩૪૦.૮૦	૩૦૧.૨૮	૮૫૧૯
સુરેન્દ્રનગર	૧૩૨.૭૦	૬૬.૦૭	૨૨૪૦
વડોદરા	૩૦૮.૬૫	૧૪૨.૬૨	૭૬૦૨
વલસાડ	૨૪૦.૩૪	૧૬૫.૫૮	૩૨૮૬
દાહોદ	૮૧.૫૩	૪૬.૮૬	૮૫૧
પાટણ	૧૦૦.૫૦	૫૨.૬૪	૨૧૩૫
નર્મદા	૬૦.૬૨	૬૦.૬૧	૪૪૫
આણંદ	૨૫૫.૧૨	૧૪૪.૬૬	૫૦૨૬

કોષ્ટક-૨.ગુજરાત રાજ્યમાં જિલ્લા પ્રમાણે નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા			
જિલ્લાનું નામ	**કુલ ગ્રાન્ટ (લાખમાં)**	**કુલ ખર્ચ (લાખમાં)**	**કુલ લાભાર્થીઓની સંખ્યા**
પોરબંદર	૧૦૦.૧૦	૪૪.૪૦	૨૭૯૩
નવસારી	૧૪૪.૧૪	૧૩૪.૦૩	૪૮૩૩
તાપી	૬૫.૮૭	૬૪.૯૮	૧૭૫૯
દેવભૂમિ દ્વારકા	૨૮.૫૧	૨૪.૪૨	૫૧૫
ગીર સોમનાથ	૫૮.૩૦	૨૧.૧૮	૪૮૦
મોરબી	૪૫.૭૦	૨૬.૮૮	૭૨૯
અરવલ્લી	૧૧૩.૧૭	૬૨.૬૧	૧૯૪૭
મહીસાગર	૧૦૧.૩૪	૪૭.૫૯	૨૧૧૯
બોટાદ	૬૧.૭૦	૧૭.૬૪	૪૭૫
છોટાઉદેપુર	૧૦.૦૦	૮.૫૦	૦
કુલ	**૪૩૮૯.૭૬**	**૨૯૮૫.૬૦**	**૮૮૧૬૭**
સ્રોત : સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર, માર્ચ (૨૦૧૫)			

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે અમદાવાદ જિલ્લામાં સૌથી વધારે ગ્રાન્ટ મળી છે. અને સૌથી વધારે વૃદ્ધ પેન્શન યોજનાના લાભાર્થીઓની સંખ્યા અમદાવાદ જિલ્લામાં છે. સૌથી ઓછી ગ્રાન્ટ ડાંગ જિલ્લાને મળી છે અને ડાંગ જિલ્લામમાં વૃદ્ધ પેન્શન યોજનાના લાભાર્થીઓની સંખ્યા સૌથી ઓછી છે.

- **ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના-**

ભારત સરકાર દ્વારા ૬૫ વર્ષ કે તેથી વધારે ઉંમરના વૃદ્ધોને આર્થિક સહાય આપવાના હેતુથી રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજનાની શરૂઆત ૧૫મી ઓગસ્ટ ૧૯૯૫ના રોજ કરવામાં આવેલી છે. આ યોજના વર્ષ ૨૦૦૨-૦૩ થી ગુજરાત સરકારને તબદીલ થતાં આ યોજનાનું નામ વયવંદના યોજના રાખવામાં આવ્યું છે. ૧ એપ્રિલ ૨૦૦૮ થી આ યોજનાનુ નામ ભારત સરકાર દ્વારા ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના રાખવામાં આવેલું છે. ૧ એપ્રિલ ૨૦૧૨ થી હવે ૬૦ થી ૭૯ વર્ષ સુધીના લાભાર્થીઓને રાજ્ય સરકારની રૂ.૨૦૦ અને કેન્દ્ર સરકારની રૂ.૨૦૦ ની સહાય મળી કુલ રૂ.૪૦૦ ચૂકવવામાં આવે છે. જ્યારે ૮૦ વર્ષ કે તેથી વધારે ઉંમરના લાભાર્થીઓને રાજ્ય સરકારની રૂ.૨૦૦ અને કેન્દ્ર સરકારની રૂ.૫૦૦ ની સહાય મળી કુલ રૂ.૭૦૦ ચૂકવવામાં આવે છે. આ યોજનાનો લાભ બી.પી. એલ. કુટુંબના સભ્યોને મળે છે.

ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮ થી માર્ચ ૨૦૧૫ સુધી મળેલી ગ્રાન્ટ, કુલ ખર્ચ અને લાભાર્થીઓની સંખ્યા નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

કોષ્ટક-૩. ગુજરાતમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત સુધી મળેલી ગ્રાન્ટ, કુલ ખર્ચ અને લાભાર્થીઓની સંખ્યા			
જ્ઞાતિ	**માર્ચ ૨૦૧૫ સુધીમાં મળેલી**	**કુલ ખર્ચ (લાખમાં)**	**કુલ લાભાર્થીઓ સંખ્યા**
અન્ય	૧૬૮૮૧.૯૫	૧૪૫૮૩.૨૬	૩૧૭૯૭૧
એસ.સી.	૩૦૨૪.૦૦	૨૪૨૦.૦૯	૬૨૬૯૧
એસ.ટી.	૬૫૩૮.૧૯	૬૧૮૧.૧૩	૧૨૨૫૬૯
કુલ	**૨૬૪૪૪.૧૪**	**૨૩૧૮૪.૪૮**	**૫૦૩૨૩૧**
સ્રોત : સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર, માર્ચ (૨૦૧૫)			

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે માર્ચ ૨૦૧૫ સુધી લાભાર્થીઓની કુલ સંખ્યા ૫૦૩૨૩૧ જેટલી છે. યોજના માટે માર્ચ ૨૦૧૫ સુધી રૂ.૨૬૪૪૪.૧૪ લાખની ગ્રાન્ટ મળેલી છે. અને કુલ ખર્ચ રૂ.૨૩૧૮૪.૪૮ લાખનો થયો છે.

ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના (વયવંદના) હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને લાભાર્થીઓની સંખ્યા (વર્ષ ૨૦૦૮ થી વર્ષ ૨૦૧૫ સુધી)

કોષ્ટક-૪. ગુજરાતમાં જિલ્લા પ્રમાણે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના (વયવંદના) હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને લાભાર્થીઓની સંખ્યા			
જિલ્લાનું નામ	**કુલ ગ્રાન્ટ (લાખમાં)**	**કુલ ખર્ચ (લાખમાં)**	**કુલ લાભાર્થીઓની સંખ્યા**
અમદાવાદ	૨૫૪૩.૨૭	૧૯૫૨.૧૨	૩૭૦૯૫
અમરેલી	૫૨૪.૦૫	૪૭૫.૩૯	૧૦૧૬૭
બનાસકાંઠા	૧૩૫૫.૧૬	૧૩૪૨.૦૪	૨૬૫૮૩
ભરૂચ	૫૯૬.૦૬	૫૭૭.૬૮	૧૩૫૯૮
ભાવનગર	૪૮૩.૪૭	૪૪૧.૫૫	૯૪૮૨
ડાંગ	૨૦૮.૧૦	૧૮૭.૨૭	૪૪૦૭
ગાંધીનગર	૩૧૯.૩૦	૨૮૧.૭૦	૬૦૩૮
જામનગર	૧૨૦૧.૧૭	૧૨૧૩.૭૪	૧૯૭૭૬
જૂનાગઢ	૮૨૪.૪૬	૬૭૮.૪૪	૧૨૬૭૩
ખેડા	૧૦૯૧.૬૨	૮૦૧.૭૨	૨૪૬૯૪

કોષ્ટક-૪. ગુજરાતમાં જિલ્લા પ્રમાણે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના (વયવંદના) હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને લાભાર્થીઓની સંખ્યા			
જિલ્લાનું નામ	**કુલ ગ્રાન્ટ (લાખમાં)**	**કુલ ખર્ચ (લાખમાં)**	**કુલ લાભાર્થીઓની સંખ્યા**
કચ્છ	૪૦૫.૫૪	૨૯૧.૩૮	૭૫૮૪
મહેસાણા	૫૬૭.૩૦	૫૧૪.૬૩	૧૧૦૮૩
પંચમહાલ	૧૦૦૨.૧૫	૮૭૩.૫૩	૨૫૦૦૩
રાજકોટ	૧૨૧૬.૭૫	૮૬૨.૯૧	૧૫૫૦૩
સાબરકાંઠા	૫૬૮.૪૫	૬૧૭.૪૪	૧૩૭૦૬
સુરત	૧૧૭૮.૯૨	૯૧૬.૩૬	૨૦૨૨૧
સુરેન્દ્રનગર	૧૦૮૯.૦૭	૧૦૫૬.૯૭	૨૦૫૦૩
વડોદરા	૧૮૭૫.૧૫	૧૭૬૨.૬૯	૨૦૮૪૨
વલસાડ	૧૫૪૫.૭૯	૧૩૭૦.૯૪	૧૮૨૬૦
દાહોદ	૭૦૮.૨૨	૫૫૫૩.૫૫	૩૪૫૪૫
પાટણ	૧૭૬૧.૧૫	૧૭૪૧.૪૧	૧૪૩૮૪
નર્મદા	૧૮૨.૮૨	૧૮૨.૮૦	૨૭૬૯૨
આણંદ	૧૩૦૬.૧૦	૧૧૬૭.૮૫	૨૨૮૬૨
પોરબંદર	૪૭૨.૨૭	૪૪૮.૯૦	૪૫૪૪
નવસારી	૫૫૩.૪૨	૫૩૩.૩૭	૯૫૩૮
તાપી	૬૪.૦૪	૬૪.૪૬	૯૭૫૮
દેવભૂમિ દ્વારકા	૧૫૦.૨૦	૧૧૮.૦૧	૩૭૬૨
ગીર સોમનાથ	૨૯૮.૫૮	૨૧૮.૨૫	૮૪૩૦
મોરબી	૨૩૫.૬૭	૨૧૭.૩૯	૫૫૧૯
અરવલ્લી	૪૯૧.૦૩	૩૧૭.૭૨	૫૫૯૬
મહીસાગર	૬૭૧.૯૧	૬૨૯.૦૫	૮૮૩૦
બોટાદ	૧૫૨.૦૦	૯૫.૭૫	૭૫૧૭
છોટાઉદેપુર	૫૩૨.૨૩	૪૦૯.૦૫	૨૨૯૮૬
કુલ	**૨૬૧૭૫.૭૨**	**૨૨૯૧૬.૦૬**	**૫૦૩૨૩૨૧**
સ્રોત : સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર, માર્ચ (૨૦૧૫)			

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૫ના સમયગાળા દરમિય ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના કુલ લાભાર્થીઓની સંખ્યા ગુજરાત રાજ્યમાં ૫૦૩૨૩૨૧

જેટલી છે. અમદાવાદ જિલ્લામાં લાભાર્થીઓની સંખ્યા ૩૭૦૯૫ની છે. ડાંગ જિલ્લામાં સૌથી ઓછી લાભાર્થીઓની સંખ્યા ૪૪૦૭ની છે.

- **કેદી સહાય યોજના**

કુટુંબના મુખ્ય કમાઉ વ્યક્તિ જેલમાં જાય તો તેના કુટુંબને આર્થિક રીતે પગભર થવા માટે સહાય આપવામાં આવે છે. ૫ વર્ષ કે તેથી વધુ સમય માટેની સજા થયેલી હોય તેવા ગરીબી રેખા નીચે જીવતા કુટુંબને લાભ મળવાપાત્ર છે.

- **સંકટમોચન (રાષ્ટ્રીય કુટુંબ સહાય) યોજના**

આ યોજના હેઠળ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબના મુખ્ય કમાઉ વ્યક્તિની (સ્ત્રી કે પુરૂષ) મૃત્યુ કુદરતી રીતે કે અકસ્માતથી થાય તો તેના કુટુંબને સહાય આપવામાં આવે છે. મૃત્યુ પામનાર સ્ત્રી કે પુરૂષની ઉંમર ૧૮ વર્ષથી વધુ અને ૬૫ વર્ષથી ઓછી હોવી જોઈએ. રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન) યોજના અંતર્ગત મળેલી ગ્રાન્ટ, કુલ ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

કોષ્ટક-૫. ગુજરાતમાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન) યોજના અંતર્ગત મળેલી ગ્રાન્ટ, કુલ ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા (વર્ષ – ૧૯૯૫ થી ૨૦૧૫)

જ્ઞાતિ	માર્ચ ૨૦૧૫ સુધીમાં મળેલી ગ્રાન્ટ (લાખમાં)	કુલ ખર્ચ (લાખમાં)	કુલ લાભાર્થીઓ સંખ્યા
અન્ય	૭૫૦.૦૦	૭૧૭.૯૦	૩૬૦૯
એસ.સી.	૧૨૦.૦૦	૧૦૨.૯૦	૫૧૮
એસ.ટી.	૧૦૦.૦૦	૮૮.૪૦	૪૪૨
કુલ	**૯૭૦.૦૦**	**૯૦૯.૨૦**	**૪૫૬૯**
સ્રોત : સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર, માર્ચ (૨૦૧૫)			

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે માર્ચ ૨૦૧૫ સુધી કુલ લાભાર્થીઓની સંખ્યા ૪૫૬૯ જેટલી છે. યોજના માટે માર્ચ ૨૦૧૫ સુધી રૂ.૯૭૦ લાખની ગ્રાન્ટ મળેલી છે અને કુલ ખર્ચ રૂ. ૯૦૯.૨૦ લાખનો થયો છે.

ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન) યોજના અંતર્ગત મળેલી ગ્રાન્ટ, કુલ ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા (વર્ષ ૧૯૯૫ થી માર્ચ ૨૦૧૫ સુધી) નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે.

કોષ્ટક-૬. ગુજરાત રાજ્યમાં જિલ્લા પ્રમાણે રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન) યોજના અંતર્ગત મળેલી ગ્રાન્ટ, કુલ ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા			
જિલ્લાનું નામ	કુલ ગ્રાન્ટ (લાખમાં)	કુલ ખર્ચ (લાખમાં)	કુલ લાભાર્થીઓની સંખ્યા
અમદાવાદ	૧૫૯.૯૦	૧૫૫.૪૦	૭૭૮
અમરેલી	૨૬.૪૦	૨૩.૧૦	૧૧૫
બનાસકાંઠા	૫૮.૫૦	૫૫.૯૦	૨૮૦
ભરૂચ	૧૦.૮૦	૧૦.૮૦	૫૪
ભાવનગર	૩૪.૪૦	૩૪.૦૦	૧૬૮
ડાંગ	૩.૪૦	૧.૮૦	૯
ગાંધીનગર	૨૮.૫૦	૨૮.૫૦	૧૪૬
જામનગર	૬૭.૨૦	૬૬.૧૦	૩૩૦
જૂનાગઢ	૨૮.૨૦	૨૬.૯૦	૧૩૪
ખેડા	૬૮.૮૦	૬૧.૨૦	૩૦૬
કચ્છ	૦.૦૦	૧૮.૦૦	૯૦
મહેસાણા	૩૮.૮૪	૩૮.૮૦	૧૯૪
પંચમહાલ	૩૧.૦૦	૨૮.૦૦	૧૬૦
રાજકોટ	૩૨.૫૦	૩૦.૮૦	૧૫૪
બનાસકાંઠા	૩૪.૭૦	૩૩.૫૦	૧૬૮
સુરત	૧૮.૩૮	૧૮.૦૦	૮૯
સુરેન્દ્રનગર	૩૮.૫૦	૩૭.૪૦	૧૮૭
વડોદરા	૪૫.૨૬	૪૦.૬૦	૨૦૨
વલસાડ	૩૪.૬૫	૩૪.૫૦	૧૭૩
દાહોદ	૧૦.૦૦	૮.૨૦	૪૧
પાટણ	૧૭.૫૦	૧૭.૪૦	૮૭
નર્મદા	૨૦.૦૦	૨૦.૦૦	૧૦૦
આણંદ	૩૦.૦૦	૨૩.૮૦	૧૨૦
પોરબંદર	૯.૧૦	૯.૦૦	૪૫
નવસારી	૨૨.૦૦	૧૩.૧૦	૬૬
તાપી	૫.૩૭	૫.૧૦	૨૬
દેવભૂમિ દ્વારકા	૯.૧૦	૭.૭૦	૩૮
ગીર સોમનાથ	૯.૬૦	૬.૦૦	૩૦
મોરબી	૧૫.૫૦	૧૨.૯૦	૬૫
અરવલ્લી	૧૪.૪૬	૯.૩૦	૪૬

કોષ્ટક-૬. ગુજરાત રાજ્યમાં જિલ્લા પ્રમાણે રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન) યોજના અંતર્ગત મળેલી ગ્રાન્ટ, કુલ ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા			
જિલ્લાનું નામ	**કુલ ગ્રાન્ટ (લાખમાં)**	**કુલ ખર્ચ (લાખમાં)**	**કુલ લાભાર્થીઓની સંખ્યા**
મહીસાગર	૧૮.૫૦	૧૨.૯૦	૬૫
બોટાદ	૧૧.૧૪	૨.૯૦	૧૫
છોટાઉદેપુર	૧૭.૮૦	૧૭.૬૦	૮૮
કુલ	૯૭૦.૦૦	૯૦૯.૨૦	૪૫૬૯
સ્રોત : સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર, માર્ચ (૨૦૧૫)			

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ વર્ષ ૧૯૯૫ થી માર્ચ ૨૦૧૫ સુધી કુલ ૪૫૬૧ કુટુંબોને યોજનાનો લાભ મળ્યો છે. જેમાં અમદાવાદ જિલ્લાના કુલ ૭૭૮ કુટુંબોનો સમાવેશ થાય છે.

- **વિધવા બહેનો માટે સામાજિક સલામતીની યોજનાઓ**

ભારતીય બંધારણની રચના સાર્વભૌમત્વ, સમાજવાદ અને બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતોને આધારે કરવામાં આવી છે. આ બંધારણે દેશના દરેક નાગરિકને સમાન હકો આપ્યા છે. બંધારણે મહિલાઓને સમાન હકો મળી રહે તે માટે મહિલાઓની તરફેણમાં યોગ્ય નિર્ણયો લેવાની સત્તા રાજ્યને સોંપી છે.

ગુજરાત સરકારનો મહિલા અને બાળવિકાસ વિભાગ મહિલાઓ અને બાળકોના કલ્યાણ અને સશક્તિકરણ માટે વિવિધ યોજનાઓ ચલાવે છે. ૧૯૭૫ માં ભારત સરકાર દ્વારા સંકલિત બાળવિકાસ સેવા અને સંકલિત મહિલા વિકાસ સેવાની શરૂઆત કરવામાં આવી હતી. આ વિભાગ મહિલાઓ સાથે કરવામાં આવતા ભેદભાવો દૂર કરવાનું અને તે મુદ્દે સંવેદનશીલતા કેળવવાનું કાર્ય કરે છે. તે મહિલાઓને વિવિધ યોજનોઓ દ્વારા લાભ અપાવીને સમાજમાં તેમનું મહત્વ વધારવાનું કાર્ય કરે છે. જેમાં વિધવા મહિલાઓ માટે પણ અમુક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા વિધવાઓને માટે સામાજિક સલામતીની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જે નીચે મુજબ છે.

૧. નિરાધાર વિધવા મહિલાઓના પુનઃ સ્થાપન માટેની આર્થિક સહાયની યોજના

વર્ષ ૧૯૮૯ થી નિરાધાર વિધવા મહિલાઓના પુનઃ સ્થાપન માટેની આર્થિક સહાયની યોજના ગુજરાત રાજયમાં શરૂ કરવામાં આવી છે. આ યોજનાનો લાભ એવી વિધવાઓને મળે છે કે જેમની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોય. વિધવા મહિલાઓને ૨૧ વર્ષ કે તેથી વધારે ઉંમરનો પુત્ર ન હોય. ૨૧ વર્ષ કે તેથી વધારે ઉંમરનો પુત્ર હોય પરંતુ તે અસ્થિર મગજનો હોય અથવા ૭૫ ટકાથી વધુ

વિકલાંગતા ધરાવતો હોય તેમને યોજનાનો લાભ મળી શકે છે. અરજદાર ગ્રામ્ય વિસ્તારના હોય તો તેમની વાર્ષિક આવક રૂ.૪૭,૦૦૦થી વધુ ન હોવી જોઈએ અને શહેરી વિસ્તારના હોય તો વાર્ષિક આવક રૂ.૬૮,૦૦૦ થી વધુ ન હોવી જોઈએ. તેઓ ગુજરાત રાજ્યના વતની હોવા જોઈએ.

ઉપરોક્ત સ્થિતિમાં યોજના હેઠળ લાભાર્થીઓને માસિક રૂ.૭૫૦ની સહાય પોસ્ટ ઓફિસ બચતખાતા મારફતે લાભાર્થીના બચતખાતામાં જમા કરાવવામાં આવે છે. લાભાર્થી પર આધારિત બાળકોને (બે બાળકોની મર્યાદામાં) બાળકદીઠ માસિક રૂ.૧૦૦ ની દર માસે લાભાર્થીના બચતખાતામાં જમા કરવવામાં આવે છે. અરજદાર વિધવા થતાં ગમે ત્યારે અરજી કરી શકે છે. અગાઉ બે વર્ષની મુદત હતી તે અત્યારે રદ કરવામાં આવી છે. પુત્રની ઉંમર ૨૧ વર્ષની થતાં, અરજદારની વાર્ષિક આવક નિયત આવક કરતાં વધુ થતાં અને લાભાર્થી પુનઃલગ્ન કર્યાના માસથી આ સહાય બંદ કરી દેવામાં આવે છે. વિધવા લાભાર્થીઓને રાજયસરકાર દ્વારા વીમાની સુવિધા પૂરી પાડવામાં આવે છે.

કોષ્ટક-૭. ગુજરાત રાજ્યમાં વિધવા પેન્શન યોજના હેઠળ કુલ લાભાર્થીઓની સંખ્યા
(વર્ષ ૨૦૦૯-૧૦ થી ૨૦૧૪-૧૫)

વર્ષ	**કુલ વિધવા લાભાર્થીઓની સંખ્યા**
૨૦૦૯-૧૦	૧૧૭૩૬૪
૨૦૧૦-૧૧	૧૨૩૬૩૬
૨૦૧૧-૧૨	૧૨૨૮૦૯
૨૦૧૨-૧૩	૧૨૪૪૦૫
૨૦૧૩-૧૪	૧૨૯૫૯૩
૨૦૧૪-૧૫	૧૪૪૦૮૫
સ્રોત : મહિલા અને બાળવિકાસની કચેરી, ગાંધીનગર, (માર્ચ-૨૦૧૫)	

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે નિરાધાર વિધવા પેન્શન યોજનાના લાભાર્થીઓની સંખ્યા વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૧૭૩૬૪ હતી. જે વધીને ૨૦૧૪-૧૫માં ૧૪૪૦૮૫ થઈ છે.

૨. નિરાધાર વિધવા મહિલાઓની તાલીમ દ્વારા પુનઃ સ્થાપન કરવાની યોજના

રાજ્ય સરકારના સમાજ સુરક્ષા ખાતા હસ્તકની નિરાધાર વિધવા મહિલાઓના તાલીમ દ્વારા પુનઃ સ્થાપન કરવાની આર્થિક સહાયની યોજના ૧ એપ્રિલ ૨૦૦૩થી અમલમાં છે.

- **વિકલાંગ વ્યક્તિઓ માટે સામાજિક સલમતીની યોજનાઓ**

ગુજરાત રાજ્યમાં વિકલાંગ વ્યક્તિઓ માટે સામાજિક સલામતીની યોજનાઓ નીચે મુજબ છે.

૧. વિકલાંગ (દ્રષ્ટિહીન, અલ્પદ્રષ્ટિ, શ્રવણમંદ, અસ્થિવિષયક ખામી, માનસિક ક્ષતિ, માનસિક માંદગી) વ્યક્તિ માટે વિકલાંગ ઓળખકાર્ડ આપવાની યોજના

૨. વિકલાંગ વ્યક્તિઓને આર્થિક સાધન સહાય આપવાની યોજના

ગુજરાત રાજ્યમાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ આપવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવી છે. (વર્ષ ૧૯૭૦ થી માર્ચ ૨૦૧૫ સુધી)

કોષ્ટક-૮. ગુજરાત રાજ્યમાં જિલ્લા પ્રમાણે વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ આપવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા

જિલ્લાનું નામ	કુલ ગ્રાન્ટ (લાખમાં)	કુલ ખર્ચ (લાખમાં)	કુલ લાભાર્થીઓની સંખ્યા
અમદાવાદ	૩૧૭૫૦૦૦	૩૧૬૮૩૭૫	૭૭૫
ગાંધીનગર	૯૮૫૫૦૦	૯૮૪૪૭૭	૨૧૫
મહેસાણા	૧૪૮૫૦૦૦	૧૪૮૪૭૦૦	૪૨૮
પાટણ	૬૧૪૦૦૦	૬૧૩૪૮૪	૧૫૩
બનાસકાંઠા	૭૩૫૦૦૦	૭૧૪૮૩૭	૨૦૩
સાબરકાંઠા	૧૦૭૫૨૦૦	૧૦૭૪૧૦૦	૩૦૦
સુરેન્દ્રનગર	૧૦૦૮૦૦૦	૧૦૦૭૮૮૮	૨૪૫
ભાવનગર	૧૩૭૩૦૦૦	૧૩૭૧૨૪૨	૩૦૬
અમરેલી	૭૨૦૦૦૦	૭૧૮૩૧૩	૨૦૧
રાજકોટ	૧૫૦૦૦૦૦	૧૪૯૯૨૯૮	૩૩૮
જુનાગઢ	૯૩૬૭૦૦	૯૩૬૫૮૩	૨૭૦
પોરબંદર	૧૧૧૨૦૦૦	૧૦૮૮૯૭૫	૨૮૧
જામનગર	૯૭૧૪૦૦	૯૧૭૩૦૦	૨૬૩
કચ્છ	૫૫૮૦૦૦	૫૫૭૩૩૩	૧૩૧
વડોદરા	૨૫૯૦૦૦૦	૨૫૬૮૭૯૫	૭૬૨
ખેડા	૧૨૧૫૦૦૦	૧૨૧૭૫૪૫	૨૬૧
આણંદ	૫૧૮૦૦૦	૫૦૫૨૬૭	૧૩૪
ભરૂચ	૫૯૨૦૦૦	૫૫૬૮૭૫	૧૩૬
નર્મદા	૬૪૭૦૦૦	૬૪૦૩૦૦	૧૪૭
પંચમહાલ	૮૧૫૧૦૦	૭૮૪૪૨૭	૧૭૭
દાહોદ	૩૦૩૯૦૦	૩૦૩૯૦૦	૮૫
સુરત	૪૦૯૩૦૦	૪૦૮૯૪૩	૮૪

તાપી	૩૭૫૨૬૭	૩૭૫૨૦૦	૯૫
ડાંગ	૧૦૦૦૦૦	૧૦૦૦૦૦	૨૯
વલસાડ	૬૯૦૭૦૦	૬૮૯૨૭૬	૨૫૯
નવસારી	૩૬૬૦૦૦	૩૬૪૧૮૨	૧૨૭
કુલ	**૨૪૮૭૧૦૬૭**	**૨૪૭૦૫૬૬૫**	**૬૪૦૫**
સ્રોત : સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર, માર્ચ (૨૦૧૫)			

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે ગુજરાત રાજ્યમાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ કુલ ૬૪૦૫ વિકલાંગ વ્યક્તિઓને યોજનાનો લાભ મળ્યો છે. અમદાવાદ જિલ્લામાં સૌથી વધારે ૭૭૫ વિકલાંગ વ્યક્તિઓને યોજનાનો લાભ મળ્યો છે, જયારે ડાંગ સૌથી ઓછી ૨૯ વિકલાંગ વ્યક્તિઓને યોજનાનો લાભ મળ્યો છે.

૩. વિકલાંગ વિદ્યાર્થીઓને વિકલાંગ શિષ્યવૃત્તિ આપવાની યોજના

આર્થિક રીતે નબળા વાલીઓના વિકલાંગ બાળકોને શિક્ષણ આપવાના હેતુથી શૈક્ષણિક સાધનોની ખરીદી કરવા, શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા અને શિક્ષણ ખર્ચમાં કેટલેક અંશે મદદ કરવાના હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા (વર્ષ ૧૯૬૫ થી માર્ચ ૨૦૧૫ સુધી)

કોષ્ટક-૯. ગુજરાતમાં જિલ્લા પ્રમાણે વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા			
જિલ્લાનું નામ	**કુલ ગ્રાન્ટ (લાખમાં)**	**કુલ ખર્ચ (લાખમાં)**	**કુલ લાભાર્થીઓની સંખ્યા**
અમદાવાદ	૩૩૪૯૦૦૦	૩૩૪૯૦૦૦	૨૩૯૦
ગાંધીનગર	૮૪૪૫૦૦	૮૪૦૦૦૦	૬૪૪
મહેસાણા	૨૬૬૫૫૦૦	૨૬૬૬૫૦૦	૨૨૦૨
પાટણ	૧૩૨૬૫૦૦	૧૩૨૬૫૦૦	૧૦૨૯
બનાસકાંઠા	૧૯૬૧૦૦૦	૧૯૬૧૦૦૦	૧૪૫૬
સાબરકાંઠા	૧૭૧૫૫૦૦	૧૭૧૦૫૦૦	૧૩૨૯
સુરેન્દ્રનગર	૯૧૮૫૦૦	૯૧૭૫૦૦	૮૧૯
ભાવનગર	૧૮૦૬૦૦૦	૧૮૦૩૫૦૦	૧૪૦૧
અમરેલી	૧૩૧૯૦૦૦	૧૩૧૫૦૦૦	૯૪૩
રાજકોટ	૧૫૮૯૫૦૦	૧૫૮૯૫૦૦	૧૩૫૦
જુનાગઢ	૧૬૬૮૦૦૦	૧૬૬૮૦૦૦	૧૨૨૯
પોરબંદર	૪૨૪૫૦૦	૪૨૪૫૦૦	૩૨૮
જામનગર	૧૧૬૨૦૦૦	૧૧૬૨૦૦૦	૯૨૦

કચ્છ	૮૩૦૦૦૦	૮૩૦૦૦૦	૭૦૧
વડોદરા	૧૭૨૭૦૦૦	૧૭૨૭૦૦૦	૧૪૩૦
ખેડા	૩૭૬૧૦૦૦	૩૭૬૧૦૦૦	૩૦૫૮
આણંદ	૨૬૮૦૦૦૦	૨૬૭૨૦૦૦	૨૧૭૪
ભરૂચ	૬૫૧૫૦૦	૬૫૧૫૦૦	૫૬૫
નર્મદા	૩૦૪૦૦૦	૨૯૭૫૦૦	૨૮૪
પંચમહાલ	૨૧૫૪૫૦૦	૨૧૪૫૫૦૦	૧૮૪૧
દાહોદ	૧૦૦૨૦૦૦	૧૦૦૨૦૦૦	૮૨૦
સુરત	૨૪૬૮૫૦૦	૨૪૬૮૫૦૦	૧૮૬૧
તાપી	૧૨૧૦૦૦	૧૨૧૦૦૦	૯૮
ડાંગ	૧૬૧૫૦૦	૧૬૧૫૦૦	૧૩૨
વલસાડ	૮૨૧૦૦૦	૮૨૧૦૦૦	૬૬૧
નવસારી	૩૭૮૪૮૫૦૦	૩૭૮૦૭૫૦૦	૩૦૦૧૮
કુલ	**૩૭૮૯૦૫૦૦**	**૩૭૮૫૦૦**	**૩૦૦૫૯**
સ્રોત : સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર, માર્ચ (૨૦૧૫)			

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે ગુજરાત રાજ્યમાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ કુલ ૩૦૦૫૯ વિકલાંગ વિદ્યાર્થીઓને યોજનાનો લાભ મળ્યો છે. જેમાં ખેડા જિલ્લામાં સૌથી વધારે ૩૦૫૮ વિદ્યાર્થીઓને યોજનાનો લાભ મળ્યો છે. જ્યારે તાપીમાં ૯૮ વિદ્યાર્થીઓને યોજનાનો લાભ મળ્યો છે.

૪. વિકલાંગ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસક્રમ/ ટેક્નિકલ તાલીમ માટે આર્થિક સહાય આપવાની યોજના

વિકલાંગ વ્યક્તિએ ટૂંકાગાળાના વ્યાવસાયિક અભ્યાસક્રમોની તાલીમ કે જેમાં રોજગારી મેળવવાની શક્યતા હોય તેવા ઉચ્ચ અભ્યાસક્રમમાં તાલીમ ફીના ૫૦ ટકા અથવા તો રૂ.૨૫૦૦ બે માંથી જે ઓછું હોય તેટલી સહાય આપવામાં આવે છે. લાભાર્થી ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા હોય અને મૂળ ગુજરાતના રહેવાસી હોય તેઓ આ લાભ મેળવવાપાત્ર થશે. લાભાર્થીની પોતાની કે તેના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૪૭,૦૦૦ અને શહેરી વિસ્તારમાં રૂ. ૬૮,૦૦૦ થી વધુ ન હોવી જોઈએ. આ યોજનાનો લાભ એસ.એસ.સી., એચ.એચ.સી., સ્નાતક કે ટેક્નિકલ તાલીમ પાસ થયેલા લાભાર્થીને મળી શકે છે. આ યોજના હેઠળ તમામ પ્રકારના ટેક્નિકલ અભ્યાસક્રમો કે જેમાં રોજગારી મળવાની શક્યતા હોય તેનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ ૧૮ વર્ષની વધારે ઉંમરના વિકલાંગ વ્યક્તિઓને મળે છે.

૫. વિકલાંગ વ્યક્તિને એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવાની યોજના

રાજ્ય સરકાર દ્વારા વિકલાંગ વ્યક્તિઓ, વિકલાંગ બાળકોને કોઈ પણ પ્રકારના કામના અર્થે બસમાં મુસાફરી કરવામાં આવે છે તે મુસાફરી ખર્ચમાં આર્થિક રાહત આપવાના હેતુથી આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે દ્વારા વિકલાંગ લોગો ગુજરાત રાજ્યની હદમાં એસ.ટી.નિગમની બસમાં મુસાફરી કરી શકે છે.

વર્ષ ૧૯૯૫ થી માર્ચ ૨૦૧૫ સુધી આ યોજના અંતર્ગત કુલ રૂ.૨૫૩૬.૮૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે. અને કુલ ખર્ચ રૂ.૨૫૩૬.૮૧ લાખનો કરવામાં આવ્યો છે. કુલ લાભાર્થીઓની સંખ્યા ૩૧૭૬૬૯ જેટલી છે.

૬. વિકલાંગ વ્યક્તિઓ માટે ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના (સંત સૂરદાસ યોજના)

૬૪ વર્ષથી ઓછી ઉંમરવાળી તથા ૮૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતી, ગરીબી રેખા હેઠળ ૦ થી ૧૬ સ્કોર ધરાવતી વ્યક્તિઓને નાણાંકીય સહાય આપી પુનઃ સ્થાપન કરવાના હેતુથી આ યોજના ૧ ઓગસ્ટ ૨૦૦૯ થી અમલમાં મૂકવામાં આવી છે. ૧૭ વર્ષથી ઓછી ઉંમરવાળી અપંગ વ્યક્તિઓને માસિક રૂ.૨૦૦ની સહાય આરોગ્ય અને શિક્ષણ માટે ચૂકવવામાં આવે છે. ૧૮ થી ૬૪ વર્ષની અપંગ વ્યક્તિઓને માસિક રૂ.૪૦૦ની આર્થિક સહાય ચૂકવવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના (સંત સુરદાસ યોજના) હેઠળ આપવામાં આવેલી ગ્રાન્ટ ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા (વર્ષ ૨૦૦૯ થી માર્ચ ૨૦૧૫ સુધી)

કોષ્ટક-૧૦. ગુજરાત રાજ્યમાં જિલ્લા પ્રમાણે ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના (સંત સુરદાસ યોજના) હેઠળ આપવામાં આવેલી ગ્રાન્ટ ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા

જિલ્લાનું નામ	કુલ ગ્રાન્ટ (લાખમાં)	કુલ ખર્ચ (લાખમાં)	કુલ લાભાર્થીઓની સંખ્યા
અમદાવાદ	૧૭૧૩૪૫૦૦	૧૭૧૦૯૦૦૦	૪૫૪૦
ગાંધીનગર	૪૫૦૮૨૦૦	૪૫૦૭૪૨૫	૧૦૦૭
મહેસાણા	૧૦૨૦૦૦૦૦	૧૦૧૮૮૪૪૦	૩૦૯૧
પાટણ	૬૮૭૫૦૦૦	૬૬૭૫૮૮૦	૧૬૬૭
બનાસકાંઠા	૬૬૩૯૦૦૦	૬૬૩૮૩૧૦	૮૭૭
સાબરકાંઠા	૮૬૮૦૦૦૦	૮૬૭૭૮૧૫	૧૯૧૬
સુરેન્દ્રનગર	૮૦૭૦૦૦૦	૮૦૬૪૪૪૦	૨૫૨૨
ભાવનગર	૮૧૫૦૦૦૦	૮૧૪૬૧૧૦	૨૦૯૧
અમરેલી	૫૬૮૧૦૦૦	૫૬૭૩૧૫૦	૧૧૪૨
રાજકોટ	૮૮૨૫૩૦૦	૮૮૨૫૨૭૫	૨૫૧૦
જુનાગઢ	૮૨૬૭૨૦૦	૮૨૨૩૦૯૫	૨૦૬૮

પોરબંદર	૪૬૦૦૦૦૦	૪૩૯૫૫૬૦	૧૧૦૭
જામનગર	૮૭૧૫૦૦૦	૮૭૧૨૪૮૦	૨૦૨૧
કચ્છ	૪૫૫૦૦૦૦	૪૫૪૮૧૮૦	૧૦૭૫
વડોદરા	૮૩૨૮૧૦૦	૮૩૧૬૧૦૫	૨૦૨૨
ખેડા	૯૦૦૦૦૦૦	૮૯૩૯૦૭૦	૨૭૪૪
આણંદ	૭૦૦૪૦૦	૬૯૭૧૦૦૦	૨૨૯૮
ભરૂચ	૩૭૩૩૧૦૦	૩૭૩૧૫૭૦	૭૦૩
નર્મદા	૨૭૪૭૦૦૦	૨૭૧૩૭૮૦	૫૩૪
પંચમહાલ	૯૮૨૯૯૦૦	૯૮૨૯૮૦૦	૨૬૯૬
દાહોદ	૯૬૨૧૮૦૦	૯૪૦૪૭૬૦	૨૨૭૧
સુરત	૯૫૭૦૦૦૦	૯૪૭૫૦૯૫	૨૫૪૬
તાપી	૨૪૦૧૯૦૦	૨૩૮૫૮૦૦	૫૦૧
ડાંગ	૧૦૦૮૪૦૦	૧૦૦૭૮૫૫	૨૦૩
વલસાડ	૬૧૬૫૦૦૦	૬૧૬૩૪૧૫	૧૦૮૬
નવસારી	૪૦૭૯૦૦૦	૪૦૭૨૩૮૦	૬૬૧
કુલ	**૧૮૪૩૮૩૪૦૦**	**૧૮૩૩૯૫૭૯૦**	**૪૫૮૯૯**
સ્રોત : સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર, માર્ચ (૨૦૧૫)			

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૦૯ થી માર્ચ ૨૦૧૫ના સમયગાળા દરમિયાન ૪૫૮૯૯ વિકલાંગ વ્યક્તિઓને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજનાનો લાભ મળ્યો છે. સૌથી વધારે લાભાર્થીઓની સંખ્યા અમદાવાદ જિલ્લામાં છે. જ્યારે સૌથી ઓછી સંખ્યા ડાંગ જિલ્લામાં છે.

૭. વિકલાંગ વ્યક્તિઓના કુટુંબીજનને વીમા સહાય આપવાની યોજના

૨૮ માર્ચ ૨૦૦૭ થી વિકલાંગ વ્યક્તિઓના કુટુંબીજનને વીમા સહાય આપવાની યોજના મંજૂર કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૭ થી માર્ચ ૨૦૧૫ સુધી આ યોજના અંતર્ગત કુલ રૂ.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. અને કુલ ખર્ચ રૂ.૧૫ લાખનો કરવામાં આવ્યો છે. કુલ લાભાર્થીઓની સંખ્યા ૪ જેટલી છે.

૮. વિકલાંગ વિધવા બહેનોને મકાન બાંધકામ માટે સહાય આપવાની યોજના

૩૧ માર્ચ ૨૦૦૮થી વિકલાંગ વિધવા બહેનોને મકાન બાંધકામ માટે રૂ.૪૭,૫૦૦ + રૂ.૭૩૦૦ મળી કુલ રૂ.૫૪,૮૦૦ની મકાન સહાય આપવાની યોજના મંજૂર કરવામાં આવી છે. રાજ્યની વિકલાંગ વિધવા બહેનોની પરિસ્થિતિ ધ્યાને લઈ તેઓ સમાજમાં સમ્માનપૂર્વકનું જીવન જીવી શકે તે હેતુથી ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી વિધવા મહિલાઓને આવાસ સહાય યોજના હેઠળ સહાય આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં વિકલાંગ વિધવા બહેનોને મકાન સહાયની યોજના હેઠળ આપવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા (વર્ષ-૨૦૦૮ થી માર્ચ ૨૦૧૫ સુધી)

કોષ્ટક-૧૧. ગુજરાત રાજ્યમાં જિલ્લા પ્રમાણે વિકલાંગ વિધવા બહેનોને મકાન સહાયની યોજના હેઠળ આપવામાં આવેલી ગ્રાન્ટ, ખર્ચ અને કુલ લાભાર્થીઓની સંખ્યા			
જિલ્લાનું નામ	**કુલ ગ્રાન્ટ (લાખમાં)**	**કુલ ખર્ચ (લાખમાં)**	**કુલ લાભાર્થીઓની સંખ્યા**
પાટણ	૪૦,૦૦૦	૩૦,૦૦૦	૧
બનાસકાંઠા	૨૦,૦૦૦	૧૦,૦૦૦	૧
ભાવનગર	૨૨,૫૦૦	૨૨,૫૦૦	૧
આણંદ	૩૦,૦૦૦	૩૦,૦૦૦	૧
પંચમહાલ	૧,૨૦,૦૦૦	૯૦,૦૦૦	૪
દાહોદ	૧૦,૦૦૦	૧૦,૦૦૦	૧
તાપી	૪૦,૦૦૦	૨૦,૦૦૦	૧
વલસાડ	૯૫૭૦૦૦	૯૫૬૨૫	.
કુલ	**૩,૭૮,૨૦૦**	**૨૮૮૧૨૫**	**૧૪**
સ્રોત : સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર, માર્ચ (૨૦૧૫)			

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય છે કે ગુજરાત રાજ્યમાં વિકલાંગ વિધવા બહેનોને મકાન સહાયની યોજના હેઠળ આઠ જીલ્લામાં માત્ર ૧૪ વિકલાંગ વિધવા બહેનોને યોજનાનો લાભ મળ્યો છે.

૯. મહર્ષિ અષ્ટાવક્ર સમુદાય આધારિત યોજના (સમુદાય આધારિત યોજના પુનઃવસન યોજના)

રાજ્ય સરકારે વિકલાંગ વ્યક્તિઓના શિક્ષણ, તાલીમ અને સામુહિક પુનઃસ્થાપન માટે ૪ જાન્યુઆરી ૨૦૦૧થી મહર્ષિ અષ્ટાવક્ર સમુદાય આધારિત યોજના (સમુદાય આધારિત યોજના પુનઃવસન યોજના) અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ અપંગોને શિક્ષણ, આરોગ્ય, તાલીમ અને પુનઃસ્થાપનને લગતી વિવિધ જાણકારી તથા લાભો તાલુકા/ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ કરવાનો છે.

૧૦. પોલીયોના દર્દીઓ માટે શસ્ત્રક્રિયા અને તે પછીના કાર્યક્રમની યોજના

ગરીબ પોલીયોગ્રસ્ત બાળકોને મફત ઓપરેશન અને ત્યારબાદની સારવાર મળી રહે તેમજ સમાજમાં આ પ્રમાણેની વિકલાંગતા અટકાવવા અંગેના કાર્યક્રમો શરૂ કરવા આ યોજના શરૂ કરવામાં આવી છે. વર્ષ ૧૯૯૫ થી માર્ચ ૨૦૧૫ સુધી આ યોજના અંતર્ગત કુલ રૂ.૯.૯૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. અને કુલ ખર્ચ રૂ.૯.૫૨ લાખનો કરવામાં આવ્યો છે. કુલ લાભાર્થીઓની સંખ્યા ૨૭૨ જેટલી છે.

૯. ગુજરાતમાં સામાજિક સલામતી યોજનાના પડકારો

સામાજિક સલામતીની યોજનાને કઈ રીતે વધુ સક્ષમ અને કાર્યરત બનાવી શકાય તે માટે યોગ્ય ફેરફાર જરૂરી છે.

1) સમાજના વંચિતોની યોગ્ય જરૂરિયાતોને સમજવી જોઈએ. વ્યક્તિ અથવા કુટુંબની મુખ્ય જરૂરિયાતો કઈ છે, તેમને કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વગેરે બાબતો અંગે અભ્યાસ હાથ ધરવા જોઈએ. સરકારે તેમની જરૂરિયાત પ્રમાણે યોજના અને તેની સહાયમાં ફેરફાર કરવા જરૂરી બને છે.
2) સરકાર દ્વારા સામાજિક સલામતીની વિવિધ યોજનામાં આપતી આર્થિક સહાય હાસ્યાસ્પદ જેવી છે, વર્તમાન સમયની મોંઘવારીને જોતા તેમાં વધારો કરવો જરૂરી છે. ફુગાવામાં થતા વધારા સાથે પેન્શનની રકમમાં વધારો જરૂરી છે. અન્યથા ફુગાવાના દરમાં થતો વધારો પેન્શનની અસરકારકતાને નાબૂદ કરી નાખે છે. પેન્શનની રકમ લાભાર્થીને દર મહિને સમયસર મળી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
3) સામાજિક સલામતીની યોજનાની માહિતી બધા લોકોને સરળતાથી મળી શકે તેવા પ્રયત્નો કરવા જોઈએ, પેન્શન યોજનાનો પ્રચાર કરવો જોઈએ.
4) વર્તમાન સમયમાં ઘણા કુટુંબો અને લાભાર્થી એવા છે કે જેમને ખરેખર સામાજિક સલામતીના લાભો મળવા જોઈએ પરંતુ અપૂરતી માહિતી અને જાગૃતતાના કારણે તેઓ તેનો લાભ લઇ શકતા નથી. ઉપરાંત જિલ્લા કલેક્ટરની કચેરીએ જઈને ફોર્મ ભરવાની તેમજ પેન્શન/લાભ મેળવવા માટેની પ્રક્રિયા લાંબી હોય છે. વારંવાર ધક્કા ખવડાવે છે. તેથી આ સુવિધાનો લાભ મેળવી શકતા નથી.
5) કેટલીક યોજનામાં જેમકે વૃદ્ધો સાવ એકલા રહેતા હોય જેમની સારસંભાળ કરવાવાળા કોઈ ન હોય તેવા વૃદ્ધોને વૃદ્ધાશ્રમમાં રહેઠાણની સુવિધા આપવી જોઈએ. તેમના કૌશલ્ય પ્રમાણે ત્યાં તેમને કામની તકો આપવી જોઈએ.
6) યોજનાનો લાભ મેળવવા માટે બિનજરૂરી વિગતો દૂર કરીને પેન્શન મંજૂરીની પ્રક્રિયા ઝડપી બનાવવી જોઈએ.
7) યોજનાની સંપૂર્ણ જાણકારી ટી.વી. ચેનલોમાં જાહેરાતો દ્વારા આપવી જોઈએ, જેથી વધારેમાં વધારે લોકોને યોજનાની જાણકારી મળી રહે.
8) રાજ્યના દરેક ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં જાહેર સ્થળોએ યોજનાની પાત્રતાની જોગવાઈ તથા લાભો મેળવવાની કાર્યવાહીના પોસ્ટરો ચોંટાડવા જોઈએ.
9) સમાજના વંચિતો માટે મદદગૃહની સ્થાપના કરવી જોઈએ.

સદંભસૂચી :-

1) K.V.Ishwar Prasad (1995), " Social Security for deserted widows in Tamilnadu", Economic and Political Weekly , Vol.30 , No.155, Page No.794 to 796
2) I.S. Gulati and Leela (1995)." Social Security for widows, experience in Kerala", Economic and Political Weekly , Vol.XXX , No. 39, Page No. 2452 to 2454
3) Dr. Rajasekhar, Shridhar, N.L.Narasinha, R.R.Biradar and R.Manjula (2009), "Delivery of Social Security and Pensions benefits in Karnataka", Page No. 1 to 46
4) R.Ragnajan (2010), "Social Security of informal sector workers in Coimbatore District , Tamilnadu", The Indian Journal of Labour Economics, Vol-53, No. 2, Page no. 359 to 380
5) Sen Vinod (2011), "Impact of Social Security Schemes and Welfare Programme on Beedi Rollers", Social Cohesion an Development Vol.28 , No.4 , Page No. 439 to 449.
6) S.S. Gill, S.S.Singh, J.S.Brar (2012), "The long road to Social Security : Social Security Schemes in Punjab", Hivos Knowledge Programme , Paper 21, Page No. 1 to 32.
7) Dutta Subrata (2013), "Social security for rural widows in Rajasthan. An empirical study " , Development in Practice , Vol.23 , Page No.402 to 421.
8) Prabhu Seeta (1996), "Promotional and Protective Social Security during economic reform : A study of two Indian states", Working Paper 96/8, Page No . 1 to 27.
9) Chopra Saloni, Jessica Pudussery (2014), "Social Security pension in Indian", Economic and Political weekly", Vol. XLIX, No. 9, Page No. 64 to 68.
10) P.Madhavarao (2001), "Social security for persons with disabilities in India", A approach paper, page No. 1 to 18.
11) Jha Paveen , Nilchala Acharya (2013), "A social security for the elderly in India : A note on old age pension", Help age India – Research and Development Journal, vol.19 , No.2 , Page No .1 to 15.
12) Dr.K.John (2010),"Social Security for unorganized labours in India", National monthly Referred journal of research in Commerce and Management, Vol. No.2, ISSN - No.2277-1166, Page No. 48 to 58.
13) Joshi Satyakam (2012), "Social Security Schemes in tribal area of Gujarat" The long road to social security, Paper 17 , Page No. 1 to 28.
14) Government of India (2012), The Constitution of India, available at http:// India.gov.in /govt/documents/English/coi-part-full.pdf.
15) Debasing (2005), "Some issues in working of Social Security laws in India" The Indian Journal of Labour Economics, Vol.48, No.4, Page No.1029 to 1037
16) Rami Guarang (2013), "Social Exclusion and Social Protection in Gujarat", SPET Research Journal of Social Science, ISSN No, 77962, Vol.2, No.2, Page No. 57 to 62
17) The Register General and Census Commission India, New Delhi http: // censusindia. gov. in/
18) ILO (1952) Social Security (Minimum standards) Convention ,No.102 Geneva.
19) Ministry of health and Family welfare (2010), National Programmed for health care of Elderly (NPHCE), Government of India. http://health.bih.nic.in/docs/Guidelines-NPHCE.pdf
20) Ministry of Labour and employment (2007), The Unorganized sector Worker social security Bill, Government of India, http://labour.nic.in/welcome.html
21) Ministry of labor and Employment (1948), Minimum Wage act, Government of India.
22) Ministry of Labour and Employment (1972), The payment of Gratuity Act, Government of India.
23) Ministry of Labour and employment (1923),The workmen's Competition Act, Government of India.
24) Ministry of Rural development (1995), National Social Assistance Programmed (NSAP) www.nsap.nic.in
25) Planning Commission, Five Year Plans , Government of India, various Years, http://planningcommission.nic.in/plans/planre/fiveyr/welcome.htm/

26) Social Security Administration United States
1 http://www.ssa.gov/history/fdrstms.htm/
2. http://censusgujarat.gov.in/PCA 2011.htm
3. http://www.ssa.gov/policy/australia.htm/
4. http://en.m.wikipedia.org/wiki/social-security-united states
5. Directorate of Economics and Statistics, Gandhinagar, Government of Gujarat.

****

અનીતા એચ. પટેલ
મદદનીશ પ્રાધ્યાપક
એસ.એલ.યુ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ
અમદાવાદ

યોગેશ એન. વાંસિયા
મદદનીશ પ્રાધ્યાપક
અર્થશાસ્ત્ર વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
સુરત

Copyright © 2012 - 2016 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat